(1) 'Covifar' દવા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) Covid-19 ના દર્દીઓના ઈલાજ માટેની આ દવા છે.

(2) આ દવા 'Hetero Drugs' નામની કંપની દ્વારા બનાવવામાં આવશે.

(3) આ માટે ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

(4) દવાનો ઉપયોગ માત્ર મંદ લક્ષણો ધરાવતાં દર્દી પર જ થઈ શકશે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ COVID-19ના દર્દીઓના ઈલાજ માટે 'Covifor' નામની દવાને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન (1) અને (3) સાચાં છે)

⇛ આ દવા હૈદરાબાદ સ્થિત 'Hetero Drugs' નામથી કંપની દ્વારા બનાવવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે)

⇛ આ દવા 'Remdesivir' નું જેનેરિક સ્વરૂપ છે કે જેને ભારતમાં વેંચવામાં આવશે.

⇛ 'Remdesivir' નો વિકાસ યુ.એસ. સ્થિત એ કંપની દ્વારા કરવામાં આવ્યો હતો.

⇛ આ દવાનો ઉપયોગ જેને રોગના ગંભીર લક્ષણો છે તેના માટે કરવામાં આવશે. (આથી વિધાન (4) ખોટું છે)

⇛ આ દવા ઈન્જેક્શન દ્વારા દર્દીને આપવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) એક્સટ્રીમ હિલિયમ સ્ટાર (EHe) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ પ્રકારના તારાઓનું દળ ખૂબ જ વધારે હોય છે.

(2) આ તારાઓ સૂર્ય કરતાં વધુ ગરમ છે.

(3) આ તારાઓમાં હિલિયમ અને હાઈડ્રોજનનું પ્રમાણ લગભગ 60:40 ના પ્રમાણમાં હોય છે.

(4) આ પ્રકારના તારામાં આયનીકરણ થયેલ ફ્લોરીન જોવા મળેલ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ એક્સટ્રીમ હિલિયમ સ્ટાર (EHe) એ ઓછું દળ ધરાવતો સુપર જાયન્ટ તારો છે. (આથી, વિધાન (1) ખોટું છે)

⇒ આ તારાઓમાં હાઈડ્રોજનનું પ્રમાણ નહિંવત હોય છે અને સપાટી પરના હિલિયમનું પ્રમાણ ખૂબ જ વધારે હોય છે. આ વાત અન્ય મોટાભાગના તારાઓ કરતાં વિરૂધ્ધ છે. મોટાભાગના તારાઓમાં તેના જીવનચક્ર દરમિયાન આશરે 70% જેટલો હાઈડ્રોજન જોવા મળે છે. (આથી, વિધાન (3) ખોટું છે)

⇒ ઓછું દળ ધરાવતા હોવા છતાં આ તારાઓ સૂર્ય કરતાં વધુ ગરમ અને વધુ વિશાળ હોય છે. (આથી, વિધાન (2) સાચું છે)

⇒ તાજેતરમાં EHe ના વાતાવરણમાં આયનીકરણ થયેલ ફ્લોરીનની હાજરી જોવા મળી હતી. (આથી વિધાન (4) સાચું છે)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) પેરિયાર ટાઈગર રિઝર્વ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે તમિલનાડુમાં આવેલું છે.

(2) તે કાર્ડેમમ અને પંડલમ ટેકરીઓના વિસ્તારમાં આવેલું છે.

(3) આ વિસ્તાર પેરિયાર અને પંબા નદીઓના કેચમેન્ટ વિસ્તાર ધરાવે છે.

(4) અહીંયા મુખ્યત્વે નિત્યલીલા વરસાદી પ્રકારના જંગલો જોવા મળે છે.

(A) માત્ર (1), (2)　　(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1), (3) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ પેરિયાર રાષ્ટ્રીય ઉદ્યાન તથા ટાઈગર રિઝર્વ કેરળમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે)

⇛ આ ટાઈગર રિઝર્વ પશ્ચિમ ઘાટની દક્ષિણે આવેલી કાર્ડેમમ અને પંડલમ ટેકરીઓના વિસ્તારમાં આવેલું છે. (આથી, વિધાન (2) સાચું છે)

⇛ આ વિસ્તારના મોટાભાગમાં પેરિયાર નદીનો કેચમેન્ટ વિસ્તાર આવેલો છે તથા અન્ય ભાગમાં પંબા નદીનો કેચમેન્ટ વિસ્તાર આવેલો છે. (આથી, વિધાન (3) સાચું છે)

⇛ અહીં જોવા મળતા મુખ્ય પ્રાણીઓમાં એશિયાઈ હાથી, બેંગાલ ટાઈગર, ભારતીય બાઈશન, ઓટ્ટર, બાર્કીંગ ડિઅર વગેરેનો સમાવેશ થાય છે.

⇛ આ વિસ્તારમાં ઉષ્ણકટિબંધના નિત્યલીલા જંગલો, ભેજવાળા ખરાઉ જંગલો અને ઘાસના મેદાનો જોવા મળે છે. (આથી, વિધાન (4) ખોટું છે)

⇛ તે એક એલીફન્ટ રિઝર્વ પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) સંસદ આદર્શ ગ્રામ યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસદ કરો.**

(1) આ યોજના વર્ષ 1992 માં લોંચ કરવામાં આવી હતી.

(2) આ યોજના દરેક સંસદ સભ્યએ વર્ષ 2019 સુધીમાં ઓછામાં ઓછા 5 ગામનો વિકાસ કરવાનું લક્ષ્ય હતું.

(3) આ યોજનામાં ગ્રામ પંચાયત વિકાસ માટેનું આધારભૂત એકમ છે.

(4) આ યોજના માટે કોઈપણ બજેટની ફાળવણી કરવામાં આવી નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1)અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગ્રામ્ય વિકાસ મંત્રાલય દ્વારા સંસદ આદર્શ ગ્રામ યોજના પર અભ્યાસ કરવામાં આવ્યો હતો, જેમાં મંત્રાલયે જણાવ્યું છે કે આ યોજના તેના નિર્ધારિત હેતુઓ સિદ્ધ કરવામાં અસફળ રહી છે.

⇛ આ યોજના 11 ઓકટોબર, 2014 ના રોજ જયપ્રકાશ નારાયણની જન્મજયંતીની સ્મૃતિમાં લોંચ કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) ખોટું છે)

⇛ યોજના હેઠળ માર્ચ 2019 સુધીમાં 3 'આદર્શ ગ્રામ'નો વિકાસ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) ખોટું છે)

⇛ યોજના હેઠળ ગ્રામ પંચાયતોની પસંદગી સંસદ સભ્ય દ્વારા કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે.

⇛ યોજના હેઠળ ગ્રામ પંચાયતને વિકાસ માટેના આધારભૂત એકમ તરીકે લેવામાં આવેલ છે. (આથી, વિધાન (3) સાચું છે)

⇛ યોજનાનું અમલીકરણ અન્ય યોજનાઓના સમન્વય દ્વારા કરવામાં આવશે. આ યોજના માટે કોઈપણ પ્રકારના બજેટની ફાળવણી કરવામાં આવી નથી. (આથી વિધાન (4) સાચું છે)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) ગોલ્ડન લંગુર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રકારના વાંદરા મુખ્યત્વે આસામ અને ભૂટાનમાં જોવા મળે છે.

(2) તેની રુવાંટીનો રંગ ઋતુ અને વિસ્તાર મુજબ બદલાય છે.

(3) વર્ષ 2009 ની સાપેક્ષે વર્ષ 2019 માં ભૂટાનમાં તેની વસતીમાં 62% નો ઘટાડો નોંધાયો છે.

(4) તેને IUCN ની ભયજનક (Endangered) પ્રજાતિની યાદીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(A) માત્ર (1) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ વર્ષ 2019માં ભૂટાનમાં ગોલ્ડન લંગુરની વસતીમાં 2009ની સાપેક્ષે 62%નો ઘટાડો નોંધાયો છે. આસામમાં વર્ષ 2009માં તેની વસતી આશરે 9140 હતી. આ વર્ષે લોકડાઉનના પગલે ભારતમાં તેની વસતી ગણતરી શક્ય બની નથી.(આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેઓ તેમના રુવાંટીના રંગના કારણે ઓળખાય છે. પરંતુ આ રુવાંટીનો રંગ ઋતુ અને ભૌગોલિક વિસ્તાર સાથે બદલાય છે. ઉપરાંત બાળક અને પુખ્ત વયના વાનરમાં પણ તેનો રંગ ભિન્ન હોય છે. (આથી, વિધાન (2) સાચું છે)

⇛ તે મુખ્યત્વે ભૂટાનના કાળા પર્વતના તળીયે તથા પશ્ચિમ આસામમાં જોવા મળે છે. (આથી, વિધાન (1) સાચું છે)

⇛ તેની IUCNની કેટેગરી 'ભયજનક' છે. (આથી, વિધાન (4) સાચું છે)

⇛ ભારતના વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 હેઠળ તેને અનુસૂચિ 1માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

⇛ તેમનું મર્યાદિત વિસ્તારમાં વિતરણ તથા છૂટાછવાયાં રહેઠાણ તેમની વસતીના મુખ્ય પડકારો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT